©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

PUBLISHED BY AUTHORITY

VOL. LXVI] MONDAY, 01st DECEMBER, 2025/AGRAHAYAN 10, 1947 [No. 8108

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central section in order that it may be filed as a separate compilation

PART-II EXTRAORDINARY

નવસારી શહેરી વિકાસ સત્તામંડળ, નવસારી

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ ની કલમ-૯૯ અને ૧૦૦

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ નિયમો, ૧૯૭૯ નાં નિયમ-૫૦ ની જોગવાઈ હેઠળનાં વિકાસ ચાર્જ

:: અધિસુચન ::

નં. નુડા/ડીપી ચાર્જ/વશી/૯૬૨/૨૦૨૫.-ગુજરાત સરકારશ્રીના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના તા.૯/૧૨/૨૦૧૫ના જાહેરનામા ક્રમાંક:જીએચ/વી/૩૨૮ ઓફ ૨૦૧૫/યુડીએ-૧૦૨૦૧૪-૫૦૨૬(૧)-લ થી નવસારી શહેરી વિકાસ સત્તામંડળ(નુડા)ની રચના કરવામાં આવેલ છે. નુડા હદ વિસ્તાર માટે તૈયાર કરાયેલ પ્રથમ વિકાસ યોજના-૨૦૩૯ સરકારશ્રી દ્વારા ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ-૧૭ (૧)(ક) હેઠળ તા.૧૨/૦૮/૨૦૨૧ થી મંજૂર કરેલ છે.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ-૨૭ અથવા કલમ-૪૯ હેઠળ વિકાસ પરવાનગી મેળવવા માટે આવેલ અરજીઓને મંજૂરી આપતા પહેલા સત્તામંડળ દ્વારા વિકાસ ચાર્જ વસૂલવાનો થાય છે. જેથી અધિનિયમ, ૧૯૭૬ની કલમ-૯૯ અને ૧૦૦ તેમજ નિયમો, ૧૯૭૯નાં નિયમ-૫૦ની જોગવાઈ હેઠળ નુડા જાહેર નોટીસ આપે છે કે,

નવસારી મહાનગરપાલિકા સહિતનાં નુડા વિસ્તારમાં કોઈ પણ વ્યકિત કે ધટક બાંધકામ કરવા ઈચ્છે તો વિકાસ પરવાનગી મેળવવા માટે આ અધિસુચનમાં દર્શાવ્યા મુજબનો વિકાસ ચાર્જ ભરવો જરૂરી છે.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ-૯૯ અને કલમ-૧૦૦ની જોગવાઈ અનુસાર તા.૦૯/૦૧/૨૦૨૩ના રોજ નુડાની ૧૩મી બોર્ડ બેઠક દ્વારા નકકી ઠરાવેલ સુચિત વિકાસ દર નીચે મુજબ છે.

ક્રમ	વિગત- જમીન વપરાશ પ્રકાર	ખુલ્લી જમીન (રૂ./ચો.મી.)	બાંધકામ (રૂ./ચો.મી.)
૧	૨	૩	૪
૧	રહેણાંક	૨૫	૫૦
૨	વાણજિય	૪૦	૮૦
૩	ઔધોગિક	૪૦	૮૦
૪	ખેતીવાડી	૨૫	૫૦
૫	જાહેર હેતુ અને શૈક્ષણિક	૧૦	૨૦
૬	અન્ય	૪૦	૮૦

જેથી આ અધિસુચન સરકારી અસાધારણ રાજપત્રમાં મુસદ્દાની પ્રસિધ્ધિની તારીખથી ૩(ત્રણ) માસની અંદર વિકાસ ચાર્જ લેવા માટેની દરખાસ્તનાં મુસદ્દામાં દર્શાવેલ વિકાસ ચાર્જ સંબંધમાં કોઈ વ્યક્તિ કે સંસ્થાને વાંધા કે સુચનો હોય તો આવા લેખિત વાંધા-સૂચનો અને રજુઆત મળ્યે અને સંબધિત વ્યક્તિ દ્વારા વિનંતી કરવામાં આવશે તો નવસારી શહેરી વિકાસ સત્તામંડળ, નવસારીને મળેલ વાંધા-સૂચનોની વિચારણા કર્યા પછી અને સંબંધિત કોઈ અરજી કરવામાં આવી હોય ત્યારે તમામને યોગ્ય લાગે તો તે પ્રમાણે ગુણવત્તાના ધોરણે વ્યક્તિગત રીતે સાંભળ્યા પછી યોગ્ય લાગે તે પ્રમાણે ગુણવત્તાનાં ધોરણે કરવા ધારેલા સુચિત ફેરફારો અંગે રાજય સરકારશ્રીને મંજૂરી માટે વિકાસ ચાર્જ વસૂલ કરવા માટેની દરખાસ્ત સાદર કરવામાં આવશે.

સરકારી અસાધારણ રાજપત્રમાં પ્રસિધ્ધ થયેલ વિકાસ ચાર્જ લેવા માટેની દરખાસ્તનાં મુસદ્દા અંગેની જાહેર નોટીશ નીચેનાં સરનામે મૂકવામાં આવશે. તેમજ કચેરીમાં કચેરી સમય દરમિયાન જાહેર જનતાને જોવા માટે ખુલ્લી રાખી સમજાવવાની વ્યવસ્થા કરેલ છે. જેની નુડા વિસ્તારનાં તમામ નાગરીકોએ નોંધ લેવી.

તા : ૨૮-૧૧-૨૦૨૫

ગૌરાંગકુમાર બી. વસાણી
મુખ્ય કારોબારી અધિકારી
નવસારી શહેરી વિકાસ સત્તામંડળ
નવસારી

કચેરીનું સરનામું :

નવસારી શહેરી વિકાસ સત્તામંડળ
પ્રથમ માળ, ક્લેકટર કચેરી
જિલ્લા સેવા સદન, કાલિયાવાડી રોડ,
નવસારી.

Signature Not Verified
Signed by : PATEL JAYESHKUMAR RAGHUNATHBHAI
Manager
Government Press & Stationery, Rajkot
Date : 2025.12.03 15:08:48 IST